Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

# Shree Atmanand Prakash



परमेशात्म सत्यस्यानुभू तिरुपजायते ।
विवेकात् परमाच्छास्त्रात् सर्वकल्याणमन्दिरम् ॥

* વિવેક એ પરમ શાસ્ત્ર છે, એના આશ્રયથી પરમેશ્વરરૂપ પરમ સત્યની અનુભૂતિ થાય છે, જે સર્વ કલ્યાણનું મહામન્દિર છે.

* Viveka Discrgimination) is the best Shastra (scripture), by resorting to which,the highest reality in the form of the supreme Soul is realized. This realization is the abode of absolute welfare.


| | | |
|---|---|---|
| પુસ્તક : ૯૩ | શ્રાવણ-ભાદરવો-આસો | આત્મ સંવત : ૧૦૦ |
| 卐 | 卐 | વીર સંવત : ૨૫૨૨ |
| અંક : ૧૧/૧૨ | સપ્ટેમ્બર-ઓક્ટોબર-૯૬ | વિક્રમ સંવત ૨૦૫૨ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | નૂતન વર્ષાભિનંદન | રચયિતા : મુનિ લક્ષ્મીસાગરજી | ૫૩ |
| (૨) | દિવાળી પર્વનું મહત્ત્વ અને રિદ્ધિ-સિદ્ધિ | મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી પ્રવચનકાર : આ. શ્રી વિજયવલ્લભસૂરિજી | ૫૪ |
| (૩) | આત્માની દેહથી ભિન્નતા | અનુવાદક : શ્રી કુમારપાળ દેસાઈ | ૫૬ |
| (૪) | નૂતન વર્ષ અને આત્મ-નિરીક્ષણ | શ્રી શ્રેયસ | ૫૯ |
| (૫) | કર્મરાજાની કરામત | સંકલન : કાંતિલાલ આર. સલોત | ૬૧ |
| (૬) | શ્રી જૈન આત્માનંદ સભા (ભાવનગર) દ્વારા સ્કોલર વિદ્યાર્થી ભાઈ-બહેનનું બહુમાન | — | ૬૫ |
| (૭) | સાભાર સ્વીકાર | — | ૬૬ |
| (૮) | કલ્યાણનાં સૂત્રો | — | ૬૮ |
| (૯) | જૈન ધર્મથી અધોગતિ કે ઉન્નતિ ? | — | ટાઈટલ પેજ-૩ |


## આ સભાના નવા પેટ્રનશ્રીઓ

શ્રી ચેતનકુમાર ચંદુલાલ શાહ -ભાવનગર

શ્રી વિનોદરાય સવાઈલાલ સરવૈયા-ભાવનગર

## આ સભાના નવા આજીવન સભ્યશ્રીઓ

શ્રી જેન્તીલાલ કલ્યાણજીભાઇ બુઢણાવાળા-ભાવનગર

શ્રી જસવંતરાય દલીચંદ શાહ-ભાવનગર

શ્રી ચંદુલાલ અમૃતલાલ શાહ-ભાવનગર

શ્રી હર્ષદરાય ત્રિભોવનદાસ શાહ-ભાવનગર

શ્રી નરેન્દ્રકુમાર પ્રતાપરાય પારેખ-ભાવનગર

શ્રી રતિલાલ લાલભાઈ શાહ-અમદાવાદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ

## नूतन वर्षाभिनंदन

[ મંદાક્રાન્તા ]

આત્માનંદે જગત વિલસો, આત્મા કેરા પ્રકાશે,
સંસ્કારોથી વિમલ ગતિ હો, સર્વ હૈયા સુહાસે;
સાચી સિદ્ધિ પ્રગટ અરપી; દીપમાલા મહાન.
લબ્ધિ સ્વામી શુભકર બને, ગૌતમ જ્ઞાનવાન. (૧)

જેવી પ્રીતી પ્રબળ ધરતી, વલ્લભે રમ્ય નારી,
દીપે નાખે સરવ નિજનું, જેમ ખદ્યોત વારી;
એવી પામો જિનવર વિષે, ભાવના પ્રેમ ભક્તિ,
સર્વે અર્પો જિનવર પદે, પ્રાપ્ત હો દિવ્ય શક્તિ. (૨)


સત્પાત્રોને મદદરૂપ હો, ધર્મ સેવા બજાવો,
સન્માર્ગી હો સમરૂપ બની, ધર્મ-ગીતો ગજાવો;
દીપે દીપે નવલ વરસે, દિવ્ય સંદેશ પામો,
ગ્રન્થો અર્પી વિવિધ રસના, પ્રાપ્ત હો ભવ્ય કામો. (૩)

( અનુષ્ટુપ )

**આત્માનંદ – પ્રકાશથી,** હઠાવો અંધકારને,
જ્ઞાનની ભવ્ય લ્હાણીથી, ફેલાવો શ્રેષ્ઠ સારને; (૪)

દિવ્ય શકિત મહા અર્પો, ઉષા નૂતન વર્ષની,
લક્ષ્મી સાગર ભવ્ય જાગતી, આશા શુભ ઉત્કર્ષની. (૫)

— રચયિતા – મુનિ લક્ષ્મીસાગરજી
[આત્માનંદ પ્રકાશ પુ. ૫૭ માંથી સાભાર]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





# દિવાળી પર્વનું મહત્વ અને રિદ્ધિ–સિદ્ધિ

મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી (સુરત)

દિવાળી પર્વના દિવસોમાં ભગવાન મહાવીર પ્રભુના આદેશ-ઉપદેશને ધ્યાનમાં રાખી જ્ઞાન–દર્શન–ચારિત્રની આરાધનાના ચોપડાનું આપણે સહુ શારદાપૂજન કરીએ અને જીવન ધન્ય બનાવીએ.

લૌકિકદષ્ટિએ દીવાળીપર્વની પ્રવૃત્તિ માટે જુદા જુદા અનેક હેતુઓ પ્રસિદ્ધ છે, પરંતુ લોકોત્તર-દષ્ટિએ જૈનદર્શનના મંતવ્ય પ્રમાણે દિવાળીપર્વના પ્રવર્તનનું મુખ્ય કારણ શ્રમણ ભગવાન મહાવીર પ્રભુનું નિર્વાણ છે.

દિવાળીના દિવસે ચોપડાપૂજનની શરૂઆત કરતાં જૈન વેપારીભાઇઓ ગૌતમસ્વામીની લબ્ધિ, શાલિભદ્રની રિદ્ધિ, અભયકુમારની બુદ્ધિ અને કયવન્ના શેઠના સૌભાગ્ય માટેની માંગણી કરે છે. આ માંગણી તો ઉત્તમ પ્રકારની છે. વસ્તુની પ્રાપ્તિ માટે માત્ર ઇચ્છાની નહીં પણ સાચોસાચ ઉપાસનાની પણ આવશ્યકતા છે.

ગૌતમસ્વામીએ અનેક લબ્ધિઓ પ્રાપ્ત કરી હતી. પણ તેની પાછળ મહાન તપની આરાધના હતી. તપ કર્યા સિવાય ચોપડામાં ગૌતમસ્વામીની લબ્ધિ પ્રાપ્ત થજો એમ લખવાથી લબ્ધિઓ પ્રાપ્ત થતી નથી. જેને લબ્ધિ જોઈએ તેણે તપ કરવું જ રહ્યું આવા શુદ્ધ તપની સાથો સાથ સ્વસ્થતા, પ્રસન્નતા અને વિશુદ્ધતા આપોઆપ આવતાં જ જાય છે. આવા તપસ્વીઓ માગે કે ન માગે તો પણ લબ્ધિઓ તેને મળે જ છે.

શાલિભદ્રની રિદ્ધિના મૂળમાં તેની દાનવૃત્તિ કારણભૂત હતી. પૂર્વજન્મમાં જ્ઞાન અને સંસ્કાર ન હોવા છતાં, માતા પાસે રડીરડીને ખાવા માટે તૈયાર કરાવેલી ખીર, જરાએ આંગળી ખાધા સિવાય મુનિરાજના પાત્રામાં–ઉલ્લાસ અને ભાવ-પૂર્વક વહોરાવી દીધી હતી. શાલિભદ્રે રિદ્ધિ–સિદ્ધિ મેળવવા અર્થે આ ક્રિયા ન કરી હતી પણ નિર્મળતા અને ભક્તિભાવે આ કાર્ય કર્યું હતું જેના ફળરૂપે રિદ્ધિ ન ઇચ્છી હોવા છતાં બીજા જન્મમાં તેને તે પ્રાપ્ત થઈ હતી.

અભયકુમારની બુદ્ધિના મૂળમાં તેની પિતૃ-ભક્તિ મુખ્ય કારણરૂપે હતી. જન્મથી જ વિરક્ત હોવા છતાં તેના પિતા શ્રેણિક પ્રત્યે તેની ભક્તિ અને ભાવ અનન્ય હતાં. સંયમી, તપસ્વી અને વિરાગી હોવા છતાં અભયકુમારે પોતાના પિતાની કોઈપણ ઇચ્છાને અતૃપ્ત રહેવા દીધી ન હતી રામની દશરથ પ્રત્યેની ભક્તિ અને ભીષ્મ પિતા-મહના મહાન ત્યાગ કરતાં પણ અભયકુમારની પિતા માટેની નિર્મળકર્ત્તવ્ય બુદ્ધિ વધારે પ્રશંસા-પાત્ર છે.

કયવન્ના શેઠના સૌભાગ્યની માંગણી કરનારાઓ માંથી ઘણા વેપારી ભાઈઓને તેમના જીવન–માહિતિ પણ નહીં હોય. રાજગૃહમાં ધનેશ્વર નામના શેઠને ત્યાં પુત્રનો જન્મ થયો. અને તેનું નામ કૃતપુણ્યક પાડયું. પુણ્ય કરીને, પુણ્ય ભોગ-વતાં જ બાળક જન્મ્યો. એટલે તેનું કૃતપુણ્યક નામ યથાર્થ જ હતું. જન્મથી જ નિર્વિકારી અને નિષ્પાપી એકનો એક પુત્ર હોવાથી, માતા-પિતાને તે સાધુઓના સંગાથમાં રહે એ ન રૂચ્યું લૌકિક

For Private And Personal Use Only

સુખો અને વૈભવથી દૂર નાસતાં હોવા છતાં ભોગાવલી કર્મો તો ભોગવ્યે જ છૂટકો. પિતાએ પુત્રને વૈભવ અને વિલાસના માર્ગે દોરાવવા વેશ્યાની સોબત કરાવી. ધનનો નાશ થતાં વેશ્યાની પ્રીતિનો પણ અંત આવ્યો. પૂર્વજન્મના પુણ્યોદયના કારણે કૃતપુણ્યકને સાર્થવાહના મૃત્યુ પામેલા પુત્ર જિનદત્ત શેઠની સંતાન વિહીન ચાર પત્નીઓના પતિદેવ તરીકે રહેવાનું થયું બારવર્ષના ગૃહસંસારનાં અંતે ચાર પુત્રોનો પિતા થયો. પછી તો શ્રેણિક રાજાનું અડધું રાજ મળ્યું અને તેની પુત્રી મનોરમા સાથે લગ્ન પણ કર્યા. પોતાના પૂર્વજન્મની હકીકત અને સંસારની વિચિત્રતાનું સ્વરૂપ ભગવાન મહાવીર પાસેથી સમજી કૃતપુણ્યક શેઠે બધું છોડી ત્યાગના પંથે પડી દીક્ષા લીધી. આ કૃતપુણ્યક શેઠ તેજ ચોપડામાં લખાતાં કયવન્ના શેઠનું સાચું નામ છે, એનું સૌભાગ્ય ઉત્તમ પ્રકારનું હતું, તેમાં શંકા નથી.

આ મહાન આત્માઓએ નીતિ, સદાચાર, શીલ અને ચારિત્રના માર્ગે બધી રિદ્ધિ–સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી. નીતિ, સદાચાર, શીલ અને ચારિત્રના માર્ગે જનાર માટે દયા, મૈત્રી, બંધુતા, વાત્સલ્યભાવ સત્યતા, પ્રમાણિકતા, ઉદારતા, ક્ષમા, પરોપકાર વગેરે સદ્‌ગુણો કેળવવા જોઇએ. આવા મહાન આત્માઓએ જે રિદ્ધિ–સિદ્ધિ પ્રાપ્ત કરેલી. તેવી રિદ્ધિ–સિદ્ધિની માગણી કરતી વખતે તેમના અને આપણા જીવનલક્ષ સંબંધની અસમાનતાનો ખ્યાલ કરી, એમના અને આપણા જીવનલક્ષ્ય વચ્ચે કેવી અને કેટલી સુસંગતિ અને વિસંગતિ રહેલી છે તેનો આપણે વિવેકપૂર્વક વિચાર કરવો જોઇએ. ઇચ્છા અને અભિલાષા મુજબ વસ્તુ એની પ્રાપ્તિમાં સાચું સુખ નથી. પરંતુ સાચું સુખ તો ઇચ્છા અને અભિલાષાના અભાવમાં જ રહેલું છે.

મહાન લબ્ધિઓ, રિદ્ધિ-સિદ્ધિ અને સુખો મળ્યાં છતાં એમના અધિકારીઓએ એ બધામાં ન રાચતાં, તેને છોડી ત્યાગ સંયમનો માર્ગ સ્વીકાર્યો હતો, તે પણ આપણે યાદ રાખવું જોઈએ રિદ્ધિ-સિદ્ધિઓની ઇચ્છા હોવા છતાં અને તે માટે દરેક દિવાળીએ માગણી કરવા છતાં શા માટે હંમેશા આપણને દુઃખ ચિંતા, ઉદ્વેગ અને વ્યાકુળતા અનુભવવા પડે છે ? ચોપડાના સરવૈયામાંથી આ હકીકત ન સમજી શકાય. આપણી જીવન પદ્ધતિમાં જ દોષ છે. અને રિદ્ધિ–સિદ્ધઓ મેળવવા માટે તો જીવન પદ્ધતિનું સરવૈયું કાઢવું જરૂરી છે. એ સરવૈયામાંથી આપણને ખાતરી થશે કે દુઃખ, ચિંતા, ઉદ્વેગ અને વ્યાકુળતા એ આપણા પોતાના જ દોષોનું પરિણામ છે.

આ રીતે ચોપડા પૂજનની સાથોસાથ આપણી જીવન પદ્ધતિનો વિચાર કરી તેનું પૃથકકરણ કરવું પણ અત્યંત જરૂરી છે. અને જૈનશાસનની માન્યતા પ્રમાણે દિવાળીપર્વનું મહત્ત્વ સંક્ષેપમાં અહિં રજુ થયું છે. આ દિવાળીપર્વનાં દિવસોમાં ભગવાન મહાવીરના આદેશ–ઉપદેશો આપણે સહુ કોઈ વિચારીએ, જીવનના ગુણ દોષનું સરવૈયું કાઢીએ અને જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના–ચોપડાનું શારદાપૂજન કરી જીવન ધન્ય બનાવીએ એજ મારી અને તમારા સર્વની શુભભાવના ૐ શાન્તિ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આત્માની દેહથી ભિન્નતા



( હપ્તો ત્રીજો )

: પ્રવચનકાર :
યુગદૃષ્ટા આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી
: અનુવાદક :
શ્રી કુમારપાળ દેસાઇ

## આત્માનું સ્વરૂપ

નાસ્તિકો અને ભૌતિકવિજ્ઞાનવાદીઓ કહે છે કે "જેમ આપણને શરીર, ઈંદ્રિયો અને અન્ય દુન્યવી પદાર્થોને આંખોથી જોઈએ છીએ, તેવી રીતે આત્મા તો નરી આંખોથી દેખાતો નથી. આત્મા પ્રત્યક્ષ દેખાતો નથી, માટે કહેવું જોઇએ કે આત્મા છે જ નહીં. આથી આત્માના અસ્તિત્વને અમે સ્વીકારતા નથી અને તેને ઓળખવાનો વ્યર્થ પ્રયત્ન પણ કરતા નથી." અગાઉ વિવિધ દલીલો દ્વારા આત્માના અસ્તિત્વ અંગે આપણે જોયું, વળી વિવિધ દૃષ્ટાંતો દ્વારા આત્માને સિદ્ધ કરી શકાય.

આમ તો આત્માનું તત્ત્વ ઘણું ગહન છે. વેદો અને જૈનશાસ્ત્રોમાં તેના સ્વરૂપનું નિષેધાત્મક રૂપથી વર્ણન કરવામાં આવ્યું છે, કે આત્મા આ નથી, આત્મા આવો નથી વગેરે. પરંતુ અંતમાં તો તે અમૂર્ત વસ્તુનું શબ્દોથી વર્ણન કરીને પ્રત્યક્ષ અનુભવ નથી કરાવી શકતું તેથી તેમણે આત્મા અંગે ઘોષણા કરી નેતિ નેતિ. (આ નથી, આ નથી.)

આપણું મન અને વાણી પણ આત્માનો પાર નથી પામી શકતાં "શ્રીમદ્ ભગવદ્ ગીતા" માં કહ્યું છે –

"आश्चर्यवत्पश्यति कश्चिदेनमाश्चर्यवद्
वदति तथैव चान्यः ।
आश्चर्यवच्चैनमन्यः शृणोति, श्रुत्वाऽप्येनं
वेद न चैव कश्चित्" ॥

"આ ચિદાનંદ આત્માના બાહ્ય અને આંતરિક (અભ્યંતર) સ્વરૂપને ઘણાં આશ્ચર્યની દૃષ્ટિએ જુએ છે. ઘણાં એ બાબતમાં વાણીથી આશ્ચર્ય પ્રગટ કરે છે. ઘણાં એનાં વર્ણનને આશ્ચર્યચકિત થઇને આ રીતે આકાશ અને પુષ્પ બંને જગતમાં છે, પરંતુ 'આત્મા' પદ તો સમાસરહિત છે, તેનો વાચ્ય આત્મા નામનો પદાર્થ અવશ્ય હોવો જોઇએ, તેથી હાથી, ઘોડો વગેરે અસામાસિક જેટલા પણ પદાર્થ છે તેમના વાચ્યાર્થોનું અસ્તિત્વ સિદ્ધ છે, તો પછી એકલા આત્મા નામના અસામાસિક પદના વાચ્ય પદાર્થનું અસ્તિત્વ અવશ્ય સિદ્ધ થશે.

## જ્ઞાતા અને દૃષ્ટા

હવે લો આત્માના અસ્તિત્વને સિદ્ધ કરવા માટે પુરાવો. આત્માની બાબતમાં પ્રથમ સાબિતી તો સ્વાનુભવ જ છે. જ્યારે તમે એમ કહો છો કે 'હું છું,' 'હું અમુક છું' ત્યારે એમ કહેનાર કોણ છે? આત્મા જ છે ને! આત્મા સ્વયં જ પોતાના અસ્તિત્વનો સાક્ષી છે.

તમે વિચાર કરો કે તમે સ્વયં શું છો? જડ છો કે ચેતન? જો તમે જડથી ભિન્ન–ચેતન, છો, તો તમારું પોતાનું સ્વરૂપ શું છે? શું તમે હાડકાં, માંસ, ચામડી, લોહી, મજ્જા કે શરીર અથવા શરીરના કોઈ અંગોપાંગના રૂપમાં છો?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે પછી તમારું પોતાનું સ્વરૂપ આ બધાથી નિરાળું છે? એ અગાઉ સિદ્ધ થયું છે કે આત્મા આ બધાથી નિરાળો છે. આ બધાનો જ્ઞાતા-દૃષ્ટા છે.

અનુમાનપ્રમાણથી પણ આત્મા સિદ્ધ થાય છે. કોઈ કહે કે અમે તો આત્માને પ્રત્યક્ષ બતાવો તો જ માનીશું.

પ્રદેશી નામનો રાજા નાસ્તિક અને નિર્દય હતો. આત્માની વાતો કરનારા લોકોને તે પ્રત્યક્ષ દેખાડવાનું કહેતો. એ જીવિત શરીરને ટુકડે-ટુકડા કરીને જોતો કે તેમાં કોઈ આત્મા નામનો પદાર્થ છે કે નહીં! આ રીતે આત્માનો સ્વીકાર કરનારા સહુને નિરુત્તર કરી દેતો હતો, કારણ કે આત્મા ચર્મચક્ષુથી જોઈ શકાય તેવો કોઈ મૂર્ત કે સ્થૂળ પદાર્થ નથી. કાનથી અવાજ સાંભળી શકાય, નાકથી એને સૂંઘી શકાય કે જીભથી એને ચાખીને એના સ્વાદનો અનુભવ કરી શકાય કે સ્પર્શ કરીને તેનો અનુભવ કરી શકાય તેવું નથી, પરંતુ કેશીશ્રમણ મુનિએ પ્રદેશી રાજાને વિવિધ યુક્તિઓ અને પુરાવાઓથી આત્માનું સ્વરૂપ સમજાવ્યું. તેમની યુક્તિઓ અને પુરાવાઓ આગળ પ્રદેશી રાજા નિરુત્તર થઇ ગયા અને નમ્ર ચરણસેવક બનીને સદ્ધર્મમાં રત થઇ ગયો.

અમૂર્ત વસ્તુને પ્રત્યક્ષ જોવાની હઠ કરનારને કહેવું જોઈએ કે, તમે જે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેને તમારા મગજમાંથી બહાર કાઢીને અમને પ્રત્યક્ષ બતાવો. તેઓ કદાપિ બતાવી શકશે નહીં. કારણ કે જ્ઞાન અમૂર્ત વસ્તુ છે, તે આંખોથી જોઈ નથી શકાતું માત્ર અમૂર્ત વસ્તુ જ કેમ, કેટલીક સ્થૂળ વસ્તુઓ પણ આંખોથી જોઈ શકાતી નથી, જેમ કે હવા, વીજળી વગેરે વસ્તુઓ સ્થૂળ હોવા છતાં તેને આંખોથી જોઇ શકાતી નથી. માત્ર હવાનું કાર્ય દેખાય છે અને એની લહેરીનો સ્પર્શ પણ થાય છે.

વીજળીના કાર્ય-પ્રકાશ, ગરમી, યંત્રચાલન વગેરે દેખાય છે અને તેના પરથી વીજળી હોવાનું અનુમાન થઈ શકે છે, આથી ધર્મશાસ્ત્રમાં કહ્યું-

पुष्पे गन्धं तिले तैलं काष्ठेऽग्निं पयसि घृतम् ।
इक्षौ गुडं तथा देहे पश्यात्मानं विवेकतः ॥ "

"જેવી રીતે ફૂલમાં સુગંધ, તલમાં તેલ, કાષ્ઠમાં આગ, દૂધમાં ઘી અને શેરડીમાં ગોળ દેખાતો નથી, તેનું અસ્તિત્વ છુપાયેલું રહે છે, તેવી જ રીતે શરીરમાં છુપાએલા આત્માનું અસ્તિત્વ પણ વિવેકથી જાણવું જોઈએ."

કાર્યને જોઈને તેના કારણનું અનુમાન કરી શકાય, કારણ કે જગતમાં કોઈ પણ કાર્ય કારણ વિના થઇ શકતું નથી. આત્માનું કાર્ય જ્ઞાન છે. કારણ કે ઘટ, પટ આદિ વસ્તુઓ અને ઈંદ્રિયોના વિષયોને જાણનાર જ્ઞાન જ છે અને તે આત્માની સાથે અભિન્ન છે. જ્ઞાન આત્માનો પોતાનો ગુણ છે તેથી તે આત્માથી કદી અલગ થઇ શકતો નથી, જો જ્ઞાન આત્માથી અલગ થઇ જાય તો આત્મા જડ થઈ જાય, એટલે જ્ઞાનરૂપ કાર્યને જોઈને તે જ્ઞાનના કારણરૂપ આત્માના અસ્તિત્વનું અનુમાન થાય છે કે આત્મા અવશ્ય છે, કારણ કે તેનું કાર્યજ્ઞાન ઉપલબ્ધિનું છે.

જ્ઞાન આત્માનો ધર્મ છે. જ્યારે જ્ઞાનરૂપી ધર્મની પ્રાપ્તિ થાય છે તો તેના ધર્મી આત્માનું અસ્તિત્વ સિદ્ધ થઈ જાય છે, કારણ કે ધર્મ ધર્મીથી કદી જુદા હોતા નથી. જ્યાં ધર્મ હશે ત્યાં ધર્મી પણ રહેશે, એટલે કે જ્ઞાનરૂપ ધર્મની ઉપલબ્ધી હોવાથી તેનો ધર્મી આત્મા અવશ્ય હોવો જોઈએ.

જ્ઞાન તો સ્વસંવિદિત છે, એટલે કે જ્ઞાન પોતાની જાતને જાણે છે. જો એ પોતાને જાણે, તો પોતાના ધર્મીને પણ જાણતું હોય. આ રીતે આત્મા સ્વસંવિત્ પ્રત્યક્ષ થશે.

'લીલા રંગની મને જાણકારી થઈ' એવું કહેનાર વ્યક્તિ લીલા રંગના ગુણની સાથો સાથ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લીલા રંગના ગુણ જે વસ્તુમાં છે, તે ગુણની પણ જાણકારી થાય છે, કારણ કે ગુણ અને ગુણીનો સંબંધ અભિન્ન છે.

આમ આત્માનો જ્ઞાન–ગુણ સ્વસંવિદ્‌થી પ્રત્યક્ષ હોવાથી ગુણી આત્મા પણ અનુમાનથી સિદ્ધ થાય છે. આ જ રીતે એક આ અનુમાન પ્રમાણ પણ આત્માના અસ્તિત્વને સિદ્ધ કરે છે કે વિવિધ શરીર આત્મા વિના બની શકતા નથી. કારણ કે આત્મા જ વિવિધ કર્મબંધનોથી લિપ્ત થઈને વિવિધ શરીર ધારણ કરે છે.

જડ વસ્તુ શરીર બનવાનું કારણ બનતી નથી જો જડ વસ્તુઓમાં શરીર બનવાનું કે બનાવવાનું સામર્થ્ય હોત, તો મૃતદેહ દેહ કેમ નથી બનાવતું ? અથવા પથ્થર, ઈંટ, લોઢું વગેરે જડ પદાર્થ પણ શરીર કેમ નથી બનાવતા ? આનાથી સિદ્ધ થાય છે કે આત્મા છે, કારણ કે તે શરીર બનાવવાનું કારણ છે. શરીરરૂપી કાર્યને જોઈને આત્મારૂપી કારણનું અનુમાન આપોઆપ થઈ જાય છે. શરીરને જોઈને શરીરને બનાવનારનું અનુમાન થાય છે. તે આત્મા જ છે.

(ક્રમશઃ)

## 卐 જ્ઞાન પંચમી મહોત્સવ 卐



શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર તરફથી પ્રતિવર્ષ મુજબ આ વર્ષે પણ સંવત ૨૦૫૩ના કારતક શુદ–૫ શુક્રવાર તા. ૧૫–૧૧–૯૬ના રોજ સભાના લાઇબ્રેરી હોલમાં કલાત્મક જ્ઞાનની ગોઠવણી કરવામાં આવનાર છે. તો ભાવનગરમાં બિરાજમાન પ, પૂ. આચાર્ય ભગવંતો, પ. પૂ. મુનિ ભગવંતો, પ. પૂ સાધ્વીજી ભગવંતો તથા ભાવનગર જૈન શ્વે. મૂ. પૂ. તપાસંઘના દરેક ભાઈ-બહેનોએ દર્શનાર્થે પધારવા સભા તરફથી ભાવભર્યું આમંત્રણ છે.

લિ. શ્રી જૈન આત્માનંદ સભા
પ્રમુખશ્રી
**પ્રમોદકાંત ખીમચંદ શાહ** (એડવોકેટ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# 卐 નૂતન વર્ષ અને આત્મ-નિરીક્ષણ 卐

**શ્રી શ્રેયસ**

દિવાળી આવી અને ગઇ. નૂતનવર્ષ બેઠું અને પસારેય થવા માંડયું. ભાઇબીજ ગઈ ને લાભ-પાંચમ પણ ગઇ.

ગયા વર્ષના સરવૈયાઓ નીકળી ગયાં. લેણ-દેણ ચૂકતે થઇ ગઇ, જુના ચોપડા અભરાઇએ ચડી ગયાને નવા ચોપડાના શ્રી ગણેશ પણ મંડાઇ ગયા.

કેકે પોતાના નવા મકાન ને નવી દુકાનોનાં ઉદ્દઘાટન પણ કરી લીધાં, શ્રીખંડને આઇસ્ક્રીમની પાર્ટીઓ ને મિજલસ પણ ઉડાવી લીધી,

પણ આ બધા ક્ષણિક આનંદો વચ્ચે આપણે પોતે એક વાત કે જે નક્કર સત્ય છે, એ તો ભૂલી જ ગયા ... કે આપણું પોતાનું જીવનનું એક વર્ષ ઓછું થયું. આપણે કમાયા નહિ પણ આપણે કંઇક ખોયું, પચાસ કે સો વર્ષની આપણી પાસે મૂડી હતી, એમાંથી મૂડી ઓછી થઇ, હવે ઓગણપચાસ કે નવ્વાણું વરસ જ આપણે જીવી શકવાના, ભૂતકાળની દષ્ટિએ આપણે મોટા થયા, પણ ભવિષ્યની દષ્ટિએ આપણે નાના થયા.

કેવી વિચારવા જેવી આ વાત છે ?

જ્યારે પણ હું કોઈને 'નવું વર્ષ બેઠું' એવું બોલતો સાંભળુ છું, ત્યારે મને ધ્રાસકો પડે છે. મારાથી મનોમન બોલાઈ જાય છે, 'ભાઈ કાં અમને તું આંધળા બનાવે ? એમ બોલને કે ' જીવનનું એક વર્ષ ઓછું થયું '

જો એક પછી એક વર્ષ આપણા જીવનનાં આમ ઓછાં થતાં જ જાયતો આ બાબતમાં જીવનની પેઢી ધોળે દિવસે કયારે દેવાળું કાઢી બેસે ? એ અંગે આપણે કંઈ કહી શકીએ ખરા?

આવી પરિસ્થિતિ વચ્ચે જીવન પ્રત્યે દુર્લક્ષ્ય સેવે કે બેદરકાર બને કેમ ચાલશે ? જીવન પ્રત્યે જાગરૂક બનશું તો જ જીવનમાંથી આપણે કંઈક મેળવી શકશું ?

અનેકનાં જીવનો આપણી સમક્ષ મોજુદ છે. ફલેટ કે એપાર્ટમેન્ટ ઉભું કરતાં પહેલા આર્કીટેક પણ એનો નકશો, પ્લાસ્ટિક ઓફ પેરિસનું મોડલ બનાવે છે, ને એને આંખ સામે રાખી આખીય ઇમારતનું ચણતર કરે છે.

આપણી જીવનની ઇમારત શું માત્ર ઇંટ ઉપર ઈંટ ચઢાવી દેવાથી વર્ષ પર વર્ષ વિતાવ્યે જવાથી બંધાઇ જશે ? હા, ઇંટ પર ઈંટ ચઢાવ્યે જવાથી ઇટનો એક ઢગલો ઉભો થઈ જશે પણ એ ઇમારતનું સ્વરૂપ નહિ ધારણ કરે, એને કોઇ ઈમારત નહિ કહે ?

જીવનને આપણે માત્ર વર્ષોનો ઢગલો જ નથી બનાવવો. ઈમારત કે મંદિરનું અસલ સ્વરૂપ આપવું છે અને એ માટે જીવન પ્રત્યેની જાગરૂકતા અતિ આવશ્યક છે. આવશ્યક જ નહિ, અનિવાર્ય પણ છે.

ચોપડાઓ દર વર્ષે બદલાયા, સરવૈયા દર વર્ષે નિકળે, અભરાઇને શોભાવતાં વાસણો દર વર્ષે ઉટકીને સાફ કરાય ઘરની કાળી પડેલી ભીંતો દર વર્ષે ચૂનાથી સફેદ કરાય તો દર વર્ષે આપણા જીવનનું પણ પુણ્યપાપનું સરવૈયું કેમ ન કઢાય ? જીવનની ભીંત પર લાગેલી અકાર્યોની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાલિમાને પણ કેમ ન ધોવાય ? જીવનના ખૂણા ખાંચરામાં જામી ગયેલ પાપ વાસનાઓના કચરાને પણ ઉલેચીને બહાર ફેંકી કેમ ન દેવાય ?

જો આ બધુ થાય તો જીવન વર્ષે વર્ષે વધુ ને વધુ ઉજ્જવળ બનતું જાય, ને બીજાને માટે પણ આદર્શની ખોટ પુરી પાડનાર બને ....

ઉંચા આદર્શો માણસના જીવનને ઉચ્ચ બનાવે છે, નીચા આદર્શો માણસને પ્રગતિમાં અવરોધક બની નીચ બનાવે છે.

માટે જ માણસે પોતાના જીવનનો એક વાર નકશો દોરવાની જરૂર છે મારે કેવા બનવું છે ? માત્ર જીવન જીવવું છે ? જીવન પુરૂં કરવું છે ? કે જીવન જીવી જાણવું છે ?

જીવન જીવી જાણનારા જગતમાં ખૂબજ જુજ વ્યકિતઓ હોય છે જે જીવનનો આનંદ અને રસ લૂંટી જાણતો હોય છે. જીવન જીવી નાંખનારની સંખ્યા એથી વધુ હોય છે જે જીવન જીવવા છતાં જીવનનો રસ લૂટવા અસમર્થ હોય છે, ત્યારે જીવન ફાવે તેમ, ગમે તે રીતે પુરૂં કરી નાંખનારાઓનો આ જગતમાં કોઇ તોટો નથી.

માનવસૃષ્ટિમાં જન્મ મેળવવા છતાં પશુસૃષ્ટિની જેમ જ જીવન જીવી નાંખવામાં આપણે સંતોષ માણતા હોઇએ તો આપણા જેવા દયાપાત્ર જીવો બીજા કયા હોઈ શકે ?

બુદ્ધિ મળી છે, શકિત મળી છે, સમજણ મળી છે, સમજાવનારાય મળ્યા છે. આ બધું જાણવા છતાં સમજવાની કોઈ તૈયારી જ આપણે ન બતાવીએ તો કોણ આપણને આગળ લાવી શકે ?

ઘણાં વર્ષો આપણાં આમને આમ વીતી ગયાં છતાં આપણા જીવનના રંગ જે બદલાવા જોઈએ તે ન જ બદલાયા, કારણ આપણે જીવનને પાણીના પ્રવાહની જેમ વહી જવા દેવા જેવી એક ચીજ માની.

જીવન એક પથ્થર છે. કુશળ કારીગરની જેમ વારે ઘડીયે આત્મ-નિરીક્ષણના ટાંકણા મારી-મારીએ પથ્થરને આપણે ઘડવાનો છે. પથ્થર ઘડાતાં પથ્થર મટી એ પ્રતિમા બને ? સહુને માટે પૂજ્ય બને છે. આપણું જીવન પણ એવું કા ન બને ?


વીતેલા વર્ષોની યાદમાં કે આજ સુધી જીવન પ્રત્યે બતાવેલ બેદરકારીની યાદમાં આંસુ ન સારતાં હવે બેઠેલા આ નૂતનવર્ષે પણ જાગી જઈએ તો જીવનનો નકશો દોરી એ મુજબ જીવનને સુંદર આકાર આપવાનો નિર્ણય કરીએ તોય હજુ બાજી હાથમાં છે. ગભરાવાની જરૂર નથી.

**સં. શ્રી ચંદ્-પાલિતાણા**

— બીજાના રોગોની ચર્ચા કરવાથી આપણે તંદુરસ્ત નથી બની જતાં એનો ખ્યાલ આપણને સ્પષ્ટ હોવા છતાં બીજાના દોષોની ચર્ચા કરવાથી આપણે આપણી જાતને દોષરહિત સિદ્ધ કરી શકશું એવી ભ્રમણામાં આપણે અટવાઈ ગયા હોઇએ એવું લાગે છે... નહિતર બીજાની આટલી બધી નિંદા હોય ?

**પં. શ્રી રત્નસુંદરવિજયજી મ. સા.**

For Private And Personal Use Only



# કર્મરાજાની કરામત

[ગતાંકથી ચાલુ]

(મહાસતી શારદાબાઇની વ્યાખ્યાનમાળામાંથી)

સંકલન : કાંતિલાલ આર. સલોત



ધર્મદાસ નામના પુણ્યવાન શેઠ હતા. તેમનું નામ તેવા ગુણ. એ ખરેખર ધર્મના દાસ હતા, એમને એ સમજાઇ ગયું હતુ કે બે આંખો બંધ થયા પછી આ જીંદગી એક સ્વપ્ન બની જશે. તેમની રગેરગમાં ધર્મ વણાયેલો હતો, શેઠાણી પણ ખૂબ ધર્માનુરાગી હતા. તેમને એક દીકરી હતી. તે પછી ઘણા વર્ષે શેઠાણીની કુક્ષીમાં કોઇ સારો જીવ આવીને ઉત્પન્ન થયો. શેઠાણીની ધર્મ ભાવના વધુ વધતી ગઇ. સમય જતાં તેમને ત્યાં પુત્રનો જન્મ થયો, શેઠ વિજાપુરના વતની હતા, તે ધંધા માટે મુંબઇ આવેલા. મુંબઇ આવ્યા બાદ તેમના ભાગ્યનો સિતારો એવો ચમકયો કે પાણીના પૂરની જેમ લક્ષ્મી આવવા લાગી. પછી તો શેઠ ચોપાટીના કિનારે મોટો આલિશાન બંગલો બાંધ્યો. બંગલાનું નામ આપ્યું "ધર્મપ્રેમ", સંપત્તિ આવે ત્યાં શું ખામી રહે ? ઘેર ગાડી આવી, સ્કૂટર આવ્યું વૈભવો ખૂબ છે, સંપત્તિ અઢળક છે પણ માત્ર એકલા પૈસા મળી ગયા તેથી શું તમે સુખી બની ગયાં ? એકલો પૈસો સુખ આપી શકતો નથી. પૈસાવાળાને પૂછો તો ખરા કે તમે સુખી છો ? તે કહેશે ના, શેઠ શેઠાણી અને દીકરો ત્રણેનું કુટુંબ આનંદથી રહે છે. દીકરીને તો પરણાવીને સાસરે મોકલી છે.

**સુખમાં કર્મરાજાએ આપેલું દુઃખ :-**

ત્રણે જણા સુખના હિંડોળે ઝુલી રહ્યા છે. આનંદની મસ્તી માણી રહ્યાં છે; પણ જ્ઞાનીના સંદેશા પ્રમાણે કર્મરાજા સુખમાંથી કયારે દુઃખના દરિયામાં ડૂબતા કરી નાખે છે તે ખબર નથી. પુત્ર ૧૬ વર્ષનો થયો ત્યાં માતા ૨૪ કલાકની બિમારીમાં આ ફાની દુનિયાને છોડીને ચાલી ગઇ. શેઠને તો ખૂબ આઘાત લાગ્યો. અરર .... કુદરત ! તે આ શું કર્યું ? અમારું સુખ તને ન ગમ્યું ? અમને દુઃખના સાગરમાં નાખી દીધા માનવી ગમે તેવો હોશિયાર હોય, બળવાન હોય કે બુદ્ધિશાળી હોય પણ કાળનો પંજો પડે ત્યારે એકવાર તો માનવીના હાડ ભાંગી નાખે, હવે મોટા બંગલામાં માત્ર બાપ દીકરો બે રહ્યા ઘરમાં નોકર ચાકરો હોય પણ ઘરના શણગાર સમાન સ્ત્રી ન હોય તો ઘર સૂનકાર લાગે. દીકરો પણ ખૂબ રડે છે અરર.... માતા ! તું મને મુકીને કયાં ચાલી ગઈ ? હવે મારું ને મારા પિતાનું શું થશે ? શેઠ હૈયું કઠણ કરીને દીકરાને સમજાવે છે બેટા ! તું રડ નહિ. મેં ગતજન્મમાં પંખીના માળા તોડયા હશે તો આ ભવમાં આપણો માળો વીંખાઇ ગયો. ઘરની જ્યોત બૂઝાઇ જતાં ઘર શ્મશાન જેવું લાગે છે. શેઠ દીકરાને વ્હાલથી, પ્રેમથી બોલાવે, ચલાવે, જમાડે, ભણાવે,

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમય જતાં છોકરો બી કોમ. પાસ થઈ ગયો ત્યારે તેની ઉંમરે ૨૧ વર્ષની હતી.

શેઠ કહે દીકરા ! હવે તું ઉંમરલાયક થયો છે. ઘરની પરિસ્થિતિ જોતા હવે તારી સગાઈ કરી જલ્દી લગ્ન કરવાનો વિચાર છે. ઘરમાં વહુ આવે તો ઘર થોડુ હર્યું ભર્યું લાગે. છોકરો કાંઈ બોલ્યો નહિ. શેઠે ઘણુ સમજાવ્યો, ત્યારે કહ્યું– પિતાજી ! આપ જેમ કહેશો તેમ કરીશ. શેઠ કહે બેટા ! એક વાત યાદ રાખજે કે દુનિયા જે જોઇ રહી છે તે તું ન જોઇશ. આપણા કુળની આબરૂ ઇજ્જત વધારે. કુટુંબને ઉજ્જવળ કરે તેવી સંસ્કારોથી શોભતી કન્યા જોજે. આપણા ઘરમાં કોઇ વડીલ નથી. એટલે ઘરની બધી જવાબદારીએને સંભાળવાની રહેશે. માટે ગંભીર ગુણીયલ, વ્યવહારકુશળ છોકરી તું જોજે. આજે સમાજ શું જુવે છે? વડીલો રૂપ અને રૂપિયા જુવે છે અને છોકરો વ્હાઇટ અને હાઇટ જુવે છે. આ શેઠ રૂપ અને રૂપિયા જુવે તેવા ન હતા. તેમને હાઇટ અને વ્હાઇટ પણ નથી જોઇતા. તેમને જોઈએ છે ગુણીયલ, ગંભીર ધર્મના સંસ્કારવાળી કન્યા. પુત્રે કહ્યુ પિતાજી ! આપ જેમ કહેશો તેમ કરીશ. છોકરો ખૂબ ગુણીયલ છે. સંસ્કારથી કેળવણી પામેલો છે. આધુનિક જમાનાનો વાયરો તેનામાં ન હતો. સુપાત્ર દીકરા હોય તે માતાપિતાની આજ્ઞા કયારે પણ ન ઉથાપે.

## સંસ્કારી કન્યાની શોધમાં :

આ જ નગરી મુંબઈમાં વસતાં વિજાપુરના વતની બીજા શેઠનો આ શેઠને ત્યાં ફોન આવ્યો. શેઠ ! મેં સાંભળ્યું છે કે આપના પુત્રનું સગપણ કરવા માટે આપ સંસ્કારી કન્યાની શોધમાં છો તો મારે આપને થોડી વાત કરવીછે. આપ હમણાં ઉતાવળથી સગાઈ કરી લેતા નહિ. હું મારી દીકરીને લઈને સાંજે તમારી પાસે આવું છું. ત્યારે બધી વાત કરીશ. આ શેઠ સાંજે ધરમદાસ શેઠને ત્યાં આવ્યા. ધર્મદાસે તેમનો સ્વાગત સત્કાર કર્યો પછી બંને શેઠ શાંતિથી બેઠા છે ત્યારે આ શેઠે વાત શરૂ કરી. શેઠ કહે, મેં સાંભળ્યું છે કે આપ આપના દીકરા માટે સંસ્કારી કન્યાની શોધમાં છો. માટે હું આ મારા ભાઈની દીકરી છે. તેને લઇને આવ્યો છુ. આ દીકરી ૧૦ વર્ષની હતી ત્યારે મારા ભાઇ ભાભી એક્સીડન્ટમાં ગુજરી ગયા છે, પછી આ છોકરીને મે મોટી કરી છે. તેને સ્કૂલમાં મેટ્રિક સુધી ભણાવી છે. ધર્મના સારા સંસ્કાર આપ્યા છે. ધાર્મિક જ્ઞાન સારૂં મેળવ્યું છે. જીવનમાં ધર્મનું સ્થાન કેવું હોવું જોઇએ એ માટે સુંદર વિચારો ધરાવે છે. તે માટે મને તેના પ્રત્યે અત્યંત માન છે- હું તેના માટે આને પ્રશંસા કરું તે સારું ન લાગે. બાકી આ દીકરી સંસ્કારી અને સદ્‌ગુણી છે. આપ વિચાર કરી જોજો, તમારું અને તમારા દીકરાનું મન સો ટકા માને તો આગળ વધજો. બંને શેઠ વાતો કરતા હતા ત્યારે દીકરાની નજર તેના પર ગઈ. છોકરીની આંખ જોતા તેણે ઘણુ જોઈ લીધું. શેઠે ઇશારાથી પૂછ્યું, દીકરા ! આ કન્યા તને ગમે તો આપણે સગાઇ કરીએ પિતાજી ! આપને પાસ તે મને પાસ છે. ત્યાં બંનેનું સગપણ નકકી કર્યું. થોડા દિવસમાં ધામધૂમથી લગ્ન થઇ ગયા.

## ઘરના શણગાર સમાન નીલા :

નીલા પરણીને સાસરે આવી. ઘરમાં સાસુ છે નહિ. નીલા ખૂબ ડાહી છે. તે સમજી ગઈ કે મારા સાસુજી છે નહિ એટલે ઘરની બધી જવાબદારી મારે સંભાળવાની છે. એ રીતે રહેવું એ મારો ધર્મ છે. નીલાના વિનય, વિવેક, સંસારના કામોનું વ્યવહારિકપણું બધુ જોઈને શેઠને ખૂબ સંતોષ થયો. આ વહુ મારા કુળની ઇજ્જત સાચવશે અને આબરૂ વધારશે. દીકરાના લગ્ન પછી પહેલી દિવાળી આવી. 'ધર્મપ્રેમ' બંગલો રોશનીથી ઝળહળી ઉઠયો હતો. બધાના ઉમંગનો પાર નથી દીકરી–જમાઇને તથા સ્વજનોને બધાને ઉમંગથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બોલાવ્યા છે. જાતજાતના પકવાન અને ફરસાણો બધુ બનાવ્યું છે. નીલા ખુબ હર્ષભેર બધાને સત્કારી રહી છે. ઘરમાં આનંદની છોળો ઉડતી હતી દિવાળીનો દિવસ હોવાથી શેઠનો દીકરો દુકાને શારદાપૂજન કરવા ગયો છે નવા ચોપડાનું મુહૂર્ત કરવાનું હતું એટલે તે ઓફિસે ગયો હતો. ચોપડાનું મુહૂર્ત થઈ ગયા બાદ તે સ્કૂટર પર બેસીને ઘરે આવતો હતો. દિવાળીના દિવસો છે. મનમાં કેવી મોટી આશાઓના મિનારા બાંધ્યા હશે. પાપનો ઉદય થાય ત્યારે ન ધાર્યું, ન કલ્પ્યું બની જાય છે.

## દુઃખની વરસેલી ઝડી :

છોકરો સ્કૂટર પર બેસીને આવતો હતો. વચ્ચે રસ્તામાં ચાર રસ્તા આવતા હતા. ત્યાંથી તે છોકરો વળાંક લેવા ગયો ત્યાં જોરથી કેરિયર સાથે સ્કૂટર અથડાણું છોકરો ક્યાંય ફેંકાઇ ગયો, ત્યાં એની ધોરી નસ તૂટી ગઈ અને ત્યાંને ત્યાં મૃત્યુ પામ્યો. આ સમાચાર સાંભળતાં પિતાને ખુબ આઘાત લાગ્યો; જ્યાં ઘડી પહેલા આનંદની છોળો ઉડતી હતી ત્યાં અત્યારે રોકકળ મચી ગઇ.

નૃત્ય ગાન હોતા થા જિસ ઘર,
હાય હાય હો રહી વહાં,
નહિ રોટીયા ભી મિલતી,
લગતા થા ષટરસ ભોગ જહાં.

જે ઘરમાં આનંદના ગીતો ગવાતા હતા તે ઘરમાં હવે ભારે રૂદનના શબ્દો સંભળાવા લાગ્યા. જેને માથે દુઃખ આવી પડે તેને ખબર પડે કે દુઃખ કેવું છે! શેઠનો એકનો એક લાડકવાયો ગુણિયલ દીકરો ચાલ્યો જાય એના કરતાં વધુ દુઃખ કયું હોય? બધાને ખબર પડતા સૌ ભેગા થયા. આખા શહેરમાં હાહાકાર મચી ગયો, બંગલાની ઝળહળતી રોશની એકાએક અંધારામાં પલટાઇ ગઇ. હર્ષ અને આનંદ, દુઃખ અને વિવાદના ઘેરા વાતાવરણમાં પલટાઇ ગયા. પતિના અવસાનથી નીલા તો બેભાન થઇને પડી છે, ભાનમાં આવે ત્યારે હૈયાફાટ રૂદન કરે છે. માથા પટકાવે છે, કલાક પહેલા જ્યાં ફટાકડા ફૂટતાં હતા, ત્યાં છાતીઓ અને કપાળ ફૂટવાની અતિ કરુણ કારમી ચીસો સંભળાવા લાગી. નીલા તો રડતી રડતી બોલે છે કુદરત આ તે શું કર્યું? હજુ પરણ્યાને ત્રણ–ચાર મહિના થયા ત્યાં તો મારું સૌભાગ્ય કંકણ તોડી નાખ્યું! મારું સૌભાગ્ય તિલક સુધાય ભૂંસી નાખ્યું! તને મારી જરા પણ દયા ન આવી? જ્ઞાની કહે છે ક્યાં સમયે ક્યાં દુઃખ આવી પડશે તેની ખબર નથી. સુખના, આનંદના, શાંતિના દિવસો છે ત્યાં સુધી થાય તેટલું ધર્મધ્યાન કરી લો. મનમાં મિનારા બધા મનમાં રહી જશે. નીલા બેભાન થઇને પડી છે, ધરમદાસ શેઠ સાવ સુનમુન થઇ ગયા છે, બે કલાક બાદ રડતી આંખે બાપે દીકરાની અંતિમ ક્રિયા કરી. પુત્રના મૃતદેહની ભડભડતી આગમાં ધરમદાસે પોતાના જીવનના બધા સ્વપ્ના બાળીને ખાખ થતાં જોયા.

## દુઃખમાં દિલાસો દેનાર કોણ ?

શેઠને આશ્વાસન આપવા અનેક લોકો તેમને ઘેર આવતા, ત્યારે કર્મની ફિલોસોફીને સમજેલા શેઠ વિચારતા હતા કે આ બધા કર્મના ખેલ છે. કર્મ જીવને નચાવે છે. આ સંસારમાં કોઈ કોઇનુ નથી. સ્વાર્થની સગાઇ પ્રમાણે માનવી ભવાઇ કરે છે. આ કાયા પણ મારી નથી તો પછી છોકરો તો મારો હોય ક્યાંથી? આ બધુ સમજવા છતાં જીવનમાં ઉતારી શકયો નથી. મારા મનમાં એક જ દુઃખ છે અને તે મારી યુવાન પુત્રવધૂનું છે. ખેર, જે સમયે જે બનવાનું હોય તે કોઇ કાળે મિથ્યા થતું નથી. લેખ પર મેખ કોઇ મારી શકતુ નથી. શેઠ પુત્રવધૂને પણ હિંમત આપે છે. વહુ બેટા! હવે તુ રડીશ નહિ. આપણા પાપનો ઉદય છે માટે આવું બન્યું. નાનપણમાં તારા માબાપ ચાલ્યા ગયા, સાસુ પણ ચાલ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગયા. છેવટે તારુ જીવન જેને ચરણે ઝુકાવ્યું તેવો પતિ પણ ચાલ્યો ગયો. હું સમજું છું કે તારા માટે આ આઘાત જેવો તેવો નથી પણ આપણું ભાગ્ય પરવારી ગયું. માટે હિંમત રાખ, કોઈને આજે તો કોઈને કાલે જવાનું છે, નીલા પણ ધર્મને પામેલી છે, પોતાના કર્મને દોષ દેતી મનમાં ધીરજ ધરવા લાગી. સંસારમાં માનવીના માથે કર્મસત્તાએ એવું એકેય દુઃખ નાખ્યું નથી કે સમય જતાં એ વિસારે ન પડે. જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ નીલાનું દુઃખ અને આઘાત શમતા ગયા. ધર્મના રંગે રંગાયેલી નીલાએ તેના જીવનને ધર્મમાં જોડી દીધું.

શેઠના મનમાં એ વિચારો આવે છે કે શેઠાણી ગુજરી ગયા પછી હું દુઃખીયારો તો હતો. તેમા આ પુત્રવધૂનું વિધવાપણાનું દુઃખ જોવાનું આવ્યું. કેવો મારા જબ્બર પાપનો ઉદય ? કર્મ વિના કાંઈ બનતું નથી. નીલા તો હવે સામાયિક, પ્રતિક્રમણ, ચૌવિહાર આદિ ધર્મક્રિયાઓ કરવા લાગી. તે સસરાને કહે છે, " બાપુજી ! હવે આપણે રસોઇઓ જોઇતો નથી. ઘરમાં હું અને તમે બે જણા છીએ હું જાતે રસોઈ કરીશ, આ નોકરો પણ જોઇતા નથી. કામ કરવા માટે એક બાઇ રાખો " કારણ કે તે સમજે છે કે મારું રૂપ અથાગ છે. યુવાની ખીલેલી છે, ભરયુવાનીમાં ચારિત્ર સાચવવા માટે ઘરમાં યુવાન રસોઈયો કે નોકર કયારેક બાધકરૂપ બની જાય માટે તેણે રસોઇયા, નોકરોને રજા આપવાનું કહ્યું– સાથે કહ્યું કે આપણે તેમને અચાનક રજા આપીએ તો તેમને દુઃખ થાય તેઓ કયાં જાય ? માટે આપ દરેકને એક–બે વર્ષના પગાર આપીને છૂટા કરો જેથી તેમને દુઃખ ન થાય.

(વધુ આવતા અંકે)

આજે ધનથી ભિખારી ઓછા છે, મનથી ભિખારી ઘણા છે. સંતોષ નામના ગુણનો અભાવ અને લોભ નામના દુર્ગુણની બોલબાલા જ આમાં કારણ છે. આ બોલબાલાના કારણે ગરીબ કરતાં કરોડપતિ વધારે ડીબાતો હોય, એવું જોવા મળે છે.

સાચામાં સાચી અને સારામાં સારી શાંતિ અનુભવવી હોય, તો જીવનમાં પાપોનો પ્રવેશ અટકાવી દેવો જોઈએ. પાપરહિત માણસ જેવી શાંતિ અનુભવી શકે, એવી કોઈ જ ન અનુભવી શકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર દ્વારા
# સ્કોલર વિદ્યાર્થી ભાઇ-બહેનોનું બહુમાન




શ્રી જૈન આત્માનંદ સભાના પ્રમુખશ્રી પ્રમોદકાંતભાઇ શાહ સંસ્કૃત વિષયનું ઇનામ કુ. ઝંખનાબેન બદાણીને અર્પણ કરી રહ્યા છે. બાજુમાં ઉપપ્રમુખ શ્રી દિવ્યકાંતભાઇ એમ. સલોત તથા ટ્રેઝરર શ્રી ચીમનલાલ વર્ધમાન શાહ અને મુકેશકુમાર એ. સરવૈયા દશ્યમાન છે. [ ફોટો : મનીષ રાજપરા ]

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરના શતાબ્દી વર્ષની શાનદાર ઉજવણી નીમિત્તે ગત તા. ૫-૯-૯૬ (જન્માષ્ટમી) ના રોજ ન્યુ એસ. એસ. સી. ૧૯૯૬ ની વાર્ષિક પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં ૮૦ કે તેથી વધુ માર્કસ મેળવનાર વિદ્યાર્થી ભાઇ-બહેનોને ઇનામ અર્પણ કરવાનો તેમજ કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને સ્કોલરશીપ અર્પણ કરવાનો એક બહુમાન સમારંભ યોજવામાં આવેલ હતો. સંસ્કૃત વિષયમાં ૯૪ માર્કસ મેળવનાર સિદ્ધાર્થ અશોકકુમાર શાહ તથા કુ. ભૂમિબેન અશ્વિનકુમાર શાહને રૂા. ૧૫૧/– ના રોકડ ઇનામ સભાના પ્રમુખશ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ (એડવોકેટ) ના વરદ્ હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા.

સંસ્કૃત વિષયમાં ૮૦ થી વધુ માર્કસ મેળવનાર ૩૧ વિદ્યાર્થી ભાઇ-બહેનોને માર્કસ અનુસાર ઇનામો એનાયત કરવામા આવેલ. કોલેજમાં અભ્યાસ કરતાં ૨૨ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ અર્પણ કરવામાં આવી હતી.

આ બહુમાન સમારંભનું આયોજન શિક્ષણ કમિટીના કન્વીનર શ્રી ચીમનલાલ વર્ધમાન શાહ, ઉપ-પ્રમુખશ્રી દિવ્યકાંત એમ. સલોત, મંત્રીશ્રી હિંમતભાઈ મોતીવાળા તથા સભાના સ્ટાફ શ્રી મુકેશકુમાર એ. સરવૈયા અને અનીલભાઇ શેઠે સારી જહેમત ઉઠાવી આ સમારભને યાદગાર બનાવ્યો હતો.

— શ્રી જૈન આત્માનંદ સભા વતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# 卐 સાભાર સ્વીકાર 卐

✲ પૂ. પં. શ્રી રત્નસુંદરવિજયજી મ. સા. દ્વારા લિખીત અને શ્રી રત્નત્રયી ટ્રસ્ટ–મુંબઈ દ્વારા પ્રકાશિત " સરવાળો નહીં, પણ ગુણાકાર, બાદબાકી નહીં, પણ ભાગાકાર, " પુસ્તક સભાને ભેટ મળેલ છે. જેનો સાભાર સ્વીકાર કરવામાં આવેલ છે.

✲ શ્રી મુક્તિચંદ્ર શ્રમણ આરાધના ટ્રસ્ટ — પાલીતાણા તરફથી નીચે મુજબના પુસ્તક સભાને ભેટ મળેલ છે. જેનો સાભાર સ્વીકાર કરી આ ઉત્તમ કોટીના પુસ્તકોની ભૂરિ-ભૂરિ અનુમોદના કરવામાં આવેલ છે. આ પુસ્તક નીચે મુજબ છે.

(૧) માર્ગદર્શક ગુરુદેવ અને આદર્શ ગચ્છાધિરાજ–૫ બુક
(૬) શાંતિનો માર્ગ (૭ નીતિ વિચાર રત્નમાળા (૮) શ્રી પ્રબોધ ચિંતામણી
(૯) સુદર્શના ચરિત્ર (૧૦) શ્રી મલયસુંદરી ચરિત્ર (૧૧) આત્માનો વિકાસક્રમ અને મહામોહનો પરાજય (૧૨) શ્રી મહાવીર તત્ત્વ પ્રકાશ (૧૩) આનંદ અને પ્રભુ મહાવીર ચરિત્ર (૧૪) સમ્યગ્ દર્શન (૧૫) આત્મજ્ઞાન પ્રવેશિકા અને ધર્મોપદેશ તત્ત્વજ્ઞાન (૧૬) પ્રભુના પંથે જ્ઞાનનો પ્રકાશ (૧૭) શ્રી આત્મવિશુદ્ધિ (૧૮) શ્રી યોગશાસ્ત્ર ભાષાંતર (૧૯) ધ્યાન દિપીકા (૨૦) ગૃહસ્થ ધર્મ અને નીતિમય જીવન.

✲ તપોનિધિ પ. પૂ. ગુરુદેવશ્રી રતિલાલજી મ. સા. ના આજ્ઞાનુવર્તિની મંગલમૂર્તિ પ. પૂ. મુક્તાબાઇ મ. , ભાવયોગિની બા. બ્ર. પૂ. લીલમબાઈ મ.ની પ્રેરણાથી સાધ્વી શ્રી સુબોધિકા દ્વારા લિખીત "ચરિત્તાનુવ્વલી (૨૪) તીર્થંકર તથા ૧૨ ચક્રવર્તીનું ચરિત્ર) પુસ્તક હસ્તે શ્રી ભાવનાબેન પંકજકુમાર બોટાદરા તરફથી સભાને ભેટ મળેલ છે. જેનો સાદર સ્વીકાર કરવામાં આવેલ છે.

✲ દક્ષિણ કેસરી પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી વિજયસ્થૂલભદ્રસૂરીશ્વરજી મ. સા. ના શિષ્ય રત્ન પૂ. મુનિશ્રી કલ્પયશવિજયજી મ. સા. દ્વારા અનુવાદિત "ધર્મનું અંજન કર્મનું મંજન યાને ષોડશક ભાવાનુવાદ " પુસ્તક શ્રી જૈન આરાધના ભવન મદ્રાસ તરફથી સભાને ભેટ મળેલ છે. જેનો સાભાર સ્વીકાર કરવામાં આવેલ છે,

✲ પૂજ્ય મુનિરાજશ્રી જયાનંદ વિજયજી મ. સા. દ્વારા સંલકન કરવામાં આવેલ "શ્રી નનામી સમ્યગ્ દર્શનમ્ " પ્રત શ્રી મહાજન પેઢી–થરાદ (બનાસકાંઠા) તરફથી સભાને ભેટ મળેલ છે. જેનો સાભાર સ્વીકાર કરવામાં આવેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



✡ પૂજ્ય મુનિશ્રી જયાનંદવિજયજી મ. સા. લિખિત નીચે મુજબના પુસ્તકો બોમ્બે પ્રિન્ટીંગ પ્રેસ-ગાંધીધામ કચ્છ દ્વારા સભાને ૧૨ પુસ્તકો ભેટ મળેલ છે; જેનો સાભાર સ્વીકાર કરવામાં આવેલ છે. (૧) ધનંજય નામ માલા (૨) મોક્ષનગર કા રાજમાર્ગ (૩) સમાધાન પ્રકાશ (૪) શ્રમણોપાસક (૫) શ્રી ચતુર્વિંશતિ સ્તવન ભાવાર્થ (૬) સમાધાન કી રશ્મિયાં (૭) વિડંબના દાયક વિધવા વિવાહ (૮) વહોરાવવાની વિધિ (૯) તીર્થયાત્રા (૧૦) ભક્તામર કથા સહિત (૧૧) જિનવાણી ઉત્તરે હ્યો જાણી (૧૨) અરિહંત કો પહેચાનો

આ ઉપરાંત નીચે મુજબના પુસ્તકો પણ સભાને ભેટ મળેલ છે. (૧) તપારાધના (૨) ધૂન લગાઓ રંગ જમાઓ (૩) સમાધાન પ્રદિપ (૪) સાધુ પ્રતિક્રમણ સૂત્ર (૫) શ્રમણોપાસક (૬) વાંચો-વિચારો વર્તનમાં ઉતારો (૭) શાશ્વત સુખની ચાવી (૮) શ્રી સીમંધર જિન સ્તવન સાર્થ (૯) ગર્ભપાત (૧૦) કામ એવં મોહ વિજેતા વડી જગત વિજેતા (૧૧) શિવ સુંદર (૧૨) અરિહંતને ઓળખો (૧૩) વહોરાવવાની વિધિ (૧૪) મુક્તિ કા મંગલ પ્રારંભ (૧૫) શ્રી દીપાવલી (શારદા) પૂજન વિધિ (૧૬) અરિહંત કો પહેચાનો (૧૭) શ્રી ૧૦૮ અભિષેક (૧૮) ચંપકમાલાં ચરિત્ર કા (૧૯) ભક્તિ વિતરાગની ભાવના જોઇએ આપણી (૨૦) પ્રકરણ ચતુષ્ટય (૨૧) શ્રી રાજેન્દ્રસૂરિ વચનામૃત (૨૨) મુક્તિનગરમાં પ્રવેશ (૨૩) વિડંબના દાયક વિધવા વિવાહ (૨૪) આધુનિકતા કે ગ્રાહક સોચે વિચારે (૨૫) ભકતામર સ્તોત્ર (૨૬) શ્રી નવ સ્મરણ સ્તોત્રાદિ સંગ્રહ (૨૭) ચંપક ચરિત્રમ્; શ્રી જગડુસા ચરિત્રમ્, શ્રી કયવન્ન શેઠ ચરિત્રમ્ તથા અઘટ કુમાર ચરિત્રમ સંયુક્ત પ્રત.

✡ પૂ. મુનિશ્રી ધર્મતિલક વિજયજી મ. સા, સંપાદિત પુસ્તક નં -૨ ' શ્રી શ્રમણ સ્વાધ્યાય સુવાસ' સભાને ભેટ મળેલ છે. જેનો સાભાર સ્વીકાર કરવામાં આવેલ છે.

✡

✡ અહંકાર અનેકરૂપે આપણી આસપાસ ભમે છે. નમ્રતા, સેવા સુધારણાના નામે પણ એ આપણી સામે આવી શકે છે. એને મારવા જે હથિયારો ઉગામો, એ જ હથિયારોથી કયારેક એ આપણા હાથ કાપે છે, સૂક્ષ્મ છે - અતિસૂક્ષ્મ છે એની જાળ અને જાળવી - જાળવીને જે ન ચાલે, સતત જાગતા રહીને જે ન જીવે, તે યેન કેન પ્રકારેણ એની જાળમાં ફસાયા વિના રહી શકતા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કલ્યાણનાં સૂત્રો

૧. 'સર્પ ઝેરી છે, માટે એ ભયંકર છે, એથી ચેતતા રહેજો'–એમ કહેનારને, એટલું કહેજો કે, સાથે આટલું ઉમેરતો જા. માણસ, માનવતા ભૂલે તો એ મીઠો હોવા છતાં વધુ ભયંકર છે, ઝેરી સર્પ તો અજ્ઞાનતાથી કરડે છે, પણ માનવતાવિહોણો મીઠો માણસ તો જાણી બૂઝીને કરડે છે. માત્ર કરડવાના પ્રકારમાં જ ફેર છે, પરિણામ તો બન્નેનું સરખું જ છે.

૨. જ્યાં પ્રકાશ છે ત્યાં અન્ધકારને સ્થાન નથી ને જ્યાં અન્ધકાર છે ત્યાં પ્રકાશ ન સંભવે તેમ જ્યાં જ્ઞાન છે ત્યાં વાસનાને સ્થાન નથી ને જ્યાં વાસના છે ત્યાં જ્ઞાન ન સંભવે!

૩. તરતાં શીખીને જ તારવા જજો નહિતર તમેય ડૂબશો ને સામાને પણ ડૂબાડશો તેમ પોતાની જાતને સુધારીને જ બીજાને સુધારવા જજો, નહિતર તમેય બગડશો ને બીજાનેય બગાડશો.

૪. લોકમાનસ એવા પ્રકારનું છે કે, એ પારકા દોષો ગણ્યા કરે પણ પોતાનો તો એક પણ દોષ યાદ ન કરે, પણ આપણે આપણું માનસ એવું કેળવવું જોઇએ કે જેથી આપણને આવા પ્રકારની વિચારણા આવે : 'મારા આ દોષો બતાવનાર, આ મારો ઉપકારી છે, એણે મારા દોષો ન બતાવ્યા હોત તો હું કેમ સુધરત ?' લોકમાનસ કદાચ આપણે ન સુધારી શકીએ પણ આપણે આપણું માનસ તો સુધારી શકીએ ને ?

૫. ક્રોધના અગ્નિને શાન્ત કરવા સમતાનો ઉપયોગ કરો. માનના પર્વતને ભેદવા નમ્રતાનો સહારો લો. માયાની ઝાડીને કાપવા સરળતાનું સાધન વાપરો, લોભનો ખાડો પૂરવા સંતોષની સલાહ લો.

૬. તમે જયારે દુઃખમાં સપડાઓ ત્યારે આટલો વિચાર કરજો : ' એ મને માર્ગદર્શન કરાવવા કેમ નહિ આવ્યું હોય ? ' કારણ કે જીવન દ્રષ્ટાઓ કહે છે કે ઠોકરો પણ કો'કવેળા માર્ગદર્શક હોય છે ? દુઃખ એવે સમયે તમને માત્ર આટલી જ નમ્ર શિખામણ આપશેઃ ભાઇ ! આ દુઃખ એટલે તે કરેલાં કામનો જ પડઘો છે !

૭. આજના લોક માનસમાં એક ઉગ્ર ભાવના પ્રવર્તે છેઃ કોઇ પણ કાર્યનું ફળ શીઘ્ર મળવું જોઇએ, આ ઉગ્ર ભાવનાને લીધે માણસની નજર ફળ તરફ જાય છે. પણ કાર્યની નક્કરતા વિસરાઇ જાય છે; પરિણામે નક્કર કાર્ય પણ બનતું નથી ને ચિરંજીવ ફળ પણ મળતું નથી.

૮. એ દિવસ તું કેમ ભૂલી ગયો ? જ્યારે તારું શરીર રોગથી ઘેરાઈ ગયું હતું ને પલંગમાં પડયો–પડયો તું આ રીતે ગણગણતો હતો : હે ભગવાન ! મને બચાવ. હું સાજો થઇશ એટલે તારૂં ધ્યાન ધરીશ, પરોપકાર કરીશ, ધર્મની આરાધના કરીશ, સદાચાર ને સદ્‌વિચારમાં જિંદગી વ્યતીત કરીશ અને આજે તું સાજો થયો એટલે એ પ્રાર્થનાને સાવ વિસરી ગયો ? ભલા માનવ? આના જેવું બેવચનીપણું બીજું કયું હોઇ શકે ? પણ યાદ રાખજે, આ બેવચનપણાથી કુદરતની ક્રુર મશ્કરી કરનારને, કુદરત પણ ક્રુર રીતે જ શિક્ષા ફટકારે છે.

૯. કર્મ બે પ્રકારના હોય છેઃ અધમ ને ઉત્તમ! ફળની ઇચ્છાથી કરેલું કર્મ અધમ ગણાય અને ફળની આકાંક્ષા–ઇચ્છા રાખ્યા વિના, કર્તવ્યબુદ્ધિથી, કરેલું કર્મ ઉત્તમ ગણાય.

મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મથી અધોગતિ કે ઉન્નતિ ?

ગુજરાતના એક અગ્રગણ્ય સમાજ સુધારક શ્રી મહિપતરામ રૂપરામ એમ માનતા હતા કે જૈન ધર્મથી ભારતવર્ષની અધોગતિ થઇ છે.

એક વાર શ્રીમદ્ સાથે તેમનો મેળાપ થયો.

શ્રીમદે પૂછયું; 'ભાઇ, જૈનધર્મ અહિંસા, સત્ય, સંપ, દયા, સત્ત્વાનુકંપા, સર્વ પ્રાણી હિત, પરમાર્થ, પરોપકાર, નિર્વ્યસન, ઉદ્યમ આદિનો બોધ કરે છે ?'

મહિપતરાય કહે: 'હા'

શ્રીમદ્-ભાઇ, જૈનધર્મ હિંસા, અસત્ય. ચોરી, કુસંપ, રતા, કુસ્વાર્થપરાયણુતા, અનીતિ, અન્યાય, છળકપટ, વિરૂદ્ધ આહારવિહાર, મોજશોખ, વિષયલાલસા, આળસ, પ્રમાદ આદિનો નિષેધ કરે છે ?'

મહિપતરામ– 'હા'

શ્રીમદ્–' કહો, દેશની અધોગતિ શાથી થાય ? અહિંસા, સત્ય, સંપ, દયા, પરોપકાર, પરમાર્થ, સત્ત્વાનુકંપા, સર્વપ્રાણીહિત, ન્યાય, નીતિ, આરોગ્ય આપે અને રક્ષે એવા શુદ્ધ આહાર-પાન, નિર્વ્યસન, ઉદ્યમ આદિથી કે તેથી ઊલટાં હિંસા, અસત્ય, કુસંપ, ક્રુરતા, સ્વાર્થપટુતા, છળ-કપટ, અનીતિ, આરોગ્ય બગડે અને શરીર–મનને અશક્ત કરે એવા વિરૂદ્ધ આહાર–વિહાર, વ્યસન મોજશોખ, આળસ, પ્રમાદ આદિથી ?

મહિપતરામ-' બીજાથી અર્થાત્ અહિંસા, સત્ય આદિથી ઊલટાં એવા હિંસા, અસત્ય આદિથી,


શ્રીમદ્–' ત્યારે દેશની ઉન્નતિએ બીજાથી ઉલટાં એવા અહિંસા, સત્ય, નિર્વ્યસન, ઉદ્યમ, સંપ આદિથી થાય?'

મહિપતરામ– 'હા'

શ્રીમદ્–' ત્યારે જૈનધર્મ દેશની અધોગતિ થાય એવો બોધ કરે છે કે ઉન્નતિ થાય એવો ?'

મહિપતરામ– ' ભાઇ, હું કબૂલ કરું છું કે જૈનધર્મ જેથી દેશની ઉન્નતિ થાય એવાં સાધનોનો બોધ કરે છે. આવી સૂક્ષ્મતાથી વિવેકપૂર્વક મેં કદી વિચાર કર્યો ન હતો. અમને તો નાનપણમાં પાદરીની શાળામાં શીખતા સંસ્કાર થયેલા, તેથી વગર વિચાર્યે અમે કહી દીધું; લખી માર્યું ! '

For Private And Personal Use Only



अन्तर्दृशः सच्चरितोज्ज्वलस्य
विरक्तिभाजो जगतश्च बन्धोः ।
आनन्दिनो ज्ञानसुधावगाह-
इहैव मोक्षः समतारतस्य ॥

卐

* જે અન્તર્દષ્ટિ, સચ્ચરિત, વિરક્તિસમ્પન્ન તથા વિશ્વબન્ધુ છે અને જે પવિત્ર જ્ઞાનામૃતના અવગાહનમાં આનન્દ માણે છે, તેમ જ સમતામાં રમમાણ રહે છે એને અહીં જ મોક્ષ છે.

卐

* **His Emancipation** is just here-in this very visible life of his who is with the inner eye turned inwards. who is right-conducted. whose mind is averse to the worldly delusive atmosphere, who is a friend of the world, who takes delight in the immersion in the nectar-like knowledge and who remains engrossed in equanimity.

પ્રતિ

BOOK-POST

From,
**શ્રી આત્માનંદ પ્રકાશ**
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુસ્તક
૯૩

For Private And Personal Use Only